# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર,ગુજરાત રાજ્ય

## જીસીસી (ટાઇપ/સ્ટેનો) પરીક્ષા-જાન્યુઆરી ૨૦૧૮

જાહેરનામા ક્રમાંક:રપબ/જીસીસી/જાન્યુઆરી-૨૦૧૮/૧૦૨૬૧-૧૦૩૨૫ તારીખ :૨૨/૧૨/૨૦૧૭

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જી.સી.સી.(ટાઇપ/સ્ટેનો) પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવે છે. જે અનુસાર આગામી જાન્યુઆરી-૨૦૧૮ માં લેવાનાર આ પરીક્ષાનું જાહેરનામું નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

**શૈક્ષણિક લાયકાત**:- આ પરીક્ષામાં બેસવા માટેની ઉમેદવારની શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. (S.S.C.)અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ હોવી જોઇશે.

જીસીસી (ટાઇપ/સ્ટેનો) માટેનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યા તારીખ | ૨૨/૧૨/૨૦૧૭ |
| ૨ | વર્તમાન પત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | ૨૩/૧૨/૨૦૧૭ |
| ૩ | ઉમેદવારો માટે GCC નુ રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૨૮/૧૨/૨૦૧૭ થી ૦૯/૦૧/૨૦૧૮ સુધી |
| ૪ | નેટ બેંકીગ/પોસ્ટ ઓફીસ ખાતે ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૮/૧૨/૨૦૧૭ થી ૧૦/૦૧/૨૦૧૮ સુધી |
| ૫ | હોલ ટિકિટ ડાઉનલોડ કરવાનો સમય | ૧૮/૦૧/૨૦૧૮થી ૨૫/૦૧/૨૦૧૮ સુધી |
| ૬ | **કસોટીની તારીખ અને સમય** | |
| | **(૬.૧) લઘુલેખન(સ્ટેનો) પરીક્ષા** | |
| | • ગુજરાતી લઘુલેખન (શબ્દ ઝડપ:- ૬૦,૭૫,૯૦) | ૨૨/૧/૨૦૧૮ |
| | •અંગ્રેજી લઘુલેખન(શબ્દ ઝડપ:- ૬૦,૮૦,૧૦૦,૧૨૦) | ૨૩/૧/૨૦૧૮ |
| | • હિન્દી લઘુલેખન (શબ્દ ઝડપ:- ૬૦,૭૫) | ૨૩/૧/૨૦૧૮ |
| | **(૬.૨) ટાઇપ લેખન પરીક્ષા** | |
| | • ગુજરાતી ટાઇપ (શબ્દ ઝડપ:- ૨૫,૩૫,૪૦) | ૨૪/૧/૨૦૧૮ |
| | • અંગ્રેજી ટાઇપ (શબ્દ ઝડપ:- ૪૦,૫૦,૬૦) | ૨૫/૧/૨૦૧૮ |
| | • હિન્દી ટાઇપ (શબ્દ ઝડપ:- ૨૫) | ૨૫/૧/૨૦૧૮ |

- રાજ્ય પરીક્ષા બોર્ડની તા.૩/૫/૨૦૧૨ની ૧૫મી કારોબારી સમિતિની બેઠકમાં ઠરાવ નં.૪ અન્વયે નક્કી થયા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ થી જી.સી.સી.ટાઇપ લેખન પરીક્ષા કમ્પ્યુટર દ્વારા લેવામાં આવશે.
- આ પરીક્ષા કમ્પ્યુટરના શ્રુતિફોન્ટમાં લેવામાં આવશે.
- શ્રુતિ ફોન્ટમાં ટાઇપ કરવા માટે નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા ૮ પ્રકારના કી-બોર્ડના વિકલ્પોની સુવિધા મળશે.

| | |
|---|---|
| 1.Gujarati Transliteration | 2.Gujarati Typewriter |
| 3.Gujarati Typewriter G | 4.Gujarati Inscript |
| 5.Gujarati Indica | 6.Remigntan Indica |
| 7.Special Characters | 8.Gujarati Terafont |

- લઘુલેખન(સ્ટેનો) ની પરીક્ષા ઓડીયો ક્લીપ થી લેવામાં આવશે
- ઉમેદવાર ટાઇપ લેખન અથવા લઘુલેખન (સ્ટેનો)ની એકજ માધ્યમની એકથી વધારે ઝડપની પરીક્ષામાં બેસી શકશે નહીં અને અલગ અલગ માધ્યમની વધુમાં વધુ ત્રણ પરીક્ષાઓ આપી શકશે. અલગ અલગ માધ્યમ માટે અલગ અલગ ઓનલાઇન ફોર્મ ભરવાના રહેશે.

- પરીક્ષા અંગે ઉભા થતા વિવાદ બાબતે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી ગણાશે. અને તે સૌને બંધનકર્તા રહેશે.
- ઓનલાઇન ફોર્મ ધ્યાનથી સમજી વિચારીને ચીવટપુર્વક ભરવું. ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ વ્યકિતગત વિગતો જેવી કે નામ,અટક,જન્મતારીખ વગેરેમાં પાછળથી કોઇપણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહી.
- ઓનલાઇન ફોર્મમાં પરીક્ષા (ટાઇપ/સ્ટેનો), માધ્યમ અને ઝડપની વિગત ભરતી વખતે પણ કાળજી લેવી. જેમાં પાછળથી કોઇ પણ પ્રકારનો સુધારો કરી આપવામાં આવશે નહી.
- ઉમેદવારોને સરનામા ઉપર માર્કશીટ/પ્રમાણપત્રની નકલ મોકલવામાં આવતી હોઇ, ઉમેદવારોએ સરનામામાં પુરી વિગતો ભરવાની રહેશે.

## ❖ પરીક્ષા ફી ભરવા માટેની વિગત

- માન્ય સંસ્થાઓ માટે:- પરીક્ષા માં બેસવા માટે વિદ્યાર્થી દીઠ ૩૦૦/-ફી ભરવાની રહેશે.
- ખાનગી વિદ્યાર્થીઓ માટે:- પરીક્ષા માં બેસવા માટે વિદ્યાર્થી દીઠ ૩૩૦/- ફી ભરવાની રહેશે.

## ➢ પોસ્ટ ઑફીસ દ્વારા ફી ભરવા માટેની વિગત

- પરીક્ષાફી ભરવા માટે ઉમેદવારે ભારતીય પોસ્ટ ઓફીસનુ ચલણ ડાઉનલોડ કરી ગુજરાતની કોઇપણ કમ્પ્યુટરાઈઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- ચલણની ત્રણેય નકલ પર ભારતીય પોસ્ટ ઓફીસ સિક્કો અને તારીખ લગાવી આપશે. જેમાંની બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે. તે બે નકલમાંથી એક નકલ ઉમેદવાર પોતે રાખશે અને પરીક્ષા વખતે તે નકલ સાથે લઇને આવવાનુ રહેશે.
- પોસ્ટ ઓફીસ દ્વારા ફી ભરનાર ઉમેદવારે પોતાના કન્ફર્મેશન નંબર પર જ ફી ભરાયેલ છે કે નહિ તેની પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે ચકાસણી કરી લેવી.
- પોસ્ટ ધ્વારા ફી ભરનાર ઉમેદવારોએ પોસ્ટના નિયત દર અનુસારનો ચાર્જ ઉમેદવારોએ ચુકવવાનો રહેશે.

## ➢ ઓનલાઇન ફી ભરવા માટેની વિગત

- ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Challan" ઉપર ક્લીક કરવું. અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment" ઉપર ક્લીક કરવું, ત્યાર બાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલુ આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો પોતાના બેંક ખાતામાં ફી ની રકમ કપાયા બાદ ફીની રીસીપ્ટ જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક બોર્ડના ઇ-મેલ દ્વારા સંપર્ક કરવાનો રહેશે.

## ➢ ઓનલાઇન ફોર્મ ભરવાનો સમયગાળો:

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માન્ય સંસ્થાઓ કે જેમણે વર્ષ: ૨૦૧૭ ૧૮ માટે પોતાની સંસ્થા રીન્યુ કરાવેલ છે તે સંસ્થાઓ તેમની સંસ્થામાં નોંધાયેલા ઉમેદવારોના ફોર્મ ભરી શકશે. ખાનગી ઉમેદવારો પોતે સીધાજ ઓનલાઇન ફોર્મ પણ ભરી શકશે. ઉમેદવારો ઓનલાઈન ફોર્મ બોર્ડની વેબસાઈટ http://sebexam.org પર તા.૨૮/૧૨/૨૦૧૭, બપોરના ૦૨.૦૦ કલાક થી તા.૯/૦૧/૨૦૧૮ (સાંજના ૦૬.૦૦ કલાક) દરમ્યાન ભરી શકશે.આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન ભરાયેલા ફોર્મ જ સ્વીકારવામાં આવશે.

ઓનલાઈન ફોર્મ સબમીટ કર્યા બાદ ફોર્મમાં ભરેલ નામ, અટક, જાતી, જન્મતારીખ વગેરેમાં કોઈપણ સંજોગોમાં સુધારો કરવામાં આવશે નહીં. તેથી આ બાબતે ફોર્મ ભરવામાટેની વિગતોની ચોકસાઈ કરી લેવી અને ઉમેદવારે જાતે ચેક કરી લેવું.

## ➢ સંસ્થાઓએ ઓનલાઈન ફોર્મભરવાની રીત:

- સૌ પ્રથમ how to apply પર ક્લીક કરીને ફોર્મ કેવી રીતે ભરવુ તે અંગે જાણી લેવું.
- ઓનલાઇન ફોર્મ ભરવા માટે apply પર ક્લીક કરો.
- STENO અથવા TYPE સિલેક્ટ કરો

- REGULAR અથવા EXTERNAL સિલેક્ટ કરો
- રેગ્યુલર સિલેક્ટ કર્યા બાદ આપની સંસ્થાના નામની સામે દર્શાવેલ ખાનામાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અપાયેલ રિન્યુઅલ અંગે ના પત્રનો જાવક નંબર નાંખો અને સબમીટ પર ક્લીક કરો
- હવે સ્ક્રીન પર ફોર્મ દેખાશે જેમાં પર્સનલ,એજ્યુકેશનલ,સ્પીડ અને કેન્દ્ર દર્શાવતી વિગતો ભરી save બટન પર ક્લીક કરો
- ચલનની પ્રિન્ટ કાઢી લો.
- આપનો ફોટો અને સહી અપલોડ કરો( Photo અને Signature JPG format માં (15 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.)
- આપનો એપ્લિકેશન નંબર નોંધી લેશો. ફોર્મ માં સુધારા કરવા માટે આપ આ નંબરનો ઉપયોગ કરશો.
- ત્યાર બાદ સુધારા કરેલ વિગત સેવ (save) કરશો. આપનો કન્ફર્મેશન નંબર નોંધી લેશો. એકવાર ફોર્મ કન્ફર્મ કર્યા બાદ તેમાં કોઇપણ સુધારા થઇ શકશે નહી.
- આપના ફોર્મની પ્રિન્ટ કાઢી લેવી. આ ફોર્મને આપની પાસે રાખવું.

➢ **ખાનગી ઉમેદવારો એ ઓનલાઈન ફોર્મ ભરવા માટે નીચેનાં સ્ટેપ્સ અનુસરવા.**

- સૌ પ્રથમ how to apply પર ક્લીક કરીને ફોર્મ કેવી રીતે ભરવુ તે અંગે જાણી લેવું.
- ઓનલાઇન ફોર્મ ભરવા માટે apply પર ક્લીક કરો.
- STENO અથવા TYPE સિલેક્ટ કરો
- REGULAR અથવા EXTERNAL સિલેક્ટ કરો
- હવે એક્સટર્નલ સિલેક્ટ કર્યા બાદ સ્ક્રીન પર ફોર્મ દેખાશે જેમાં પર્સનલ,એજ્યુકેશનલ,સ્પીડ અને કેન્દ્ર દર્શાવતી વિગતો ભરી save બટન પર ક્લીક કરો
- ચલનની પ્રિન્ટ કાઢી લો.
- આપનો ફોટો અને સહી અપલોડ કરો( Photo અને Signature JPG format માં (15 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.)
- આપનો એપ્લિકેશન નંબર નોંધી લેશો. ફોર્મ માં સુધારા કરવા માટે આપ આ નંબરનો ઉપયોગ કરશો.
- ત્યાર બાદ સુધારા કરેલ વિગત સેવ (save) કરશો. આપનો કન્ફર્મેશન નંબર નોંધી લેશો. એકવાર ફોર્મ કન્ફર્મ કર્યા બાદ તેમાં કોઇપણ સુધારા થઇ શકશે નહી.
- આપના ફોર્મની પ્રિન્ટ કાઢી લેવી. આ ફોર્મને આપની પાસે રાખવું.

❖ **પરીક્ષા કેન્દ્રો :-**

➢ લઘુલેખન

- લઘુલેખનની તમામ ભાષા અને તમામ સ્પીડની પરીક્ષા રાજ્યના કોઇપણ એક અથવા જરૂર જણાએ બે જ પરીક્ષા કેન્દ્રો પર યોજવામાં આવશે.

➢ ટાઇપ

- ટાઇપની પરીક્ષા અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જુનાગઢ, વડોદરા, સુરત, રાજકોટ, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, નડિયાદ(ખેડા),વેરાવળ(ગીર-સોમનાથ) ખાતે યોજવામાં આવશે.
- જે કેન્દ્ર ખાતે ૨૫ (પચ્ચીસ) કરતા ઓછા ઉમેદવારો નોંધાશે તે કેન્દ્રના ઉમેદવારોને તેના સરનામામાં દર્શાવેલ સ્થળથી નજીકનું કેન્દ્ર ફાળવવામાં આવશે.

❖ **હોલ ટીકીટ ( પ્રવેશપત્ર )**

- હોલ ટીકીટ ( પ્રવેશપત્ર ) www.sebexam.org ની વેબસાઇટ પરથી તારીખ-૧૮/૧/૨૦૧૮થી ૨૫/૦૧/૨૦૧૮ સુધી ડાઉનલોડ કરી શકાશે.
- હોલ ટીકીટ ( પ્રવેશપત્ર )ડાઉનલોડ ન થવાના કિસ્સામાં આ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

## ❖ <u>પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ:</u>

- આ પરીક્ષા નો કાર્યક્રમ પરિશિષ્ટ " અ" મુજબ રહેશે.
- ટાઇપ અને સ્ટેનોની આ પરીક્ષાનું બેંચવાઇઝ નિયત સમય સાથેનું સમય પત્રક ઓનલાઇન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પુર્ણ થયા પછી કેન્દ્રો ખાતે ઉપલબ્ધ બેઠક વ્યવસ્થા તથા પરીક્ષાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ પ્રસિધ્ધ કરવામાં આવશે. જે અનુસાર સંબધિત કેન્દ્રો ખાતે પરીક્ષા યોજવામાં આવશે.

## ❖ <u>ગુણ પ્રદાન યોજના અને ગુણ ચકાસણી-પ્રત્યક્ષ અવલોકન:</u>

- સરકારી વાણિજ્ય પ્રમાણપત્ર(જી.સી.સી.) પરીક્ષા(ટાઇપ લેખન/લઘુલેખન)પરીક્ષાની ગુણ પ્રદાન યોજના બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ છે. તમામ ઉમેદવારોને આ ગુણ પ્રદાન યોજનાનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.
- પરીક્ષાના પરીણામ બાદ ગુણ ચકાસણી અને પ્રત્યક્ષ અવલોકન કરાવવા ઇચ્છતા ઉમેદવારોએ પરીણામ સાથે આપવામાં સૂચના મુજબ ગુણ ચકાસણી અને પ્રત્યક્ષ અવલોકન કરાવી શકશે.
- ગુણ ચકાસણી ફી પેપર દીઠ રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) રહેશે.
- ઉત્તરવહી પ્રત્યક્ષ અવલોકનની ફી પેપર દીઠ રૂા ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા ) રહેશે.

## ❖ <u>તાલીમ સંસ્થાઓની યાદી</u>

- રાજ્યમાં સરકારી વાણિજ્ય પ્રમાણપત્ર(જી.સી.સી) ટાઇપ લેખન-લઘુલેખન માટેની તાલીમ આપતી વર્ષ:-૨૦૧૭-૧૮ દરમિયાન સંલગ્નતા રીન્યુ કરાવનાર માન્ય સંસ્થાઓની યાદીપરિશિષ્ટ –"બ" માં દર્શાવેલ છે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

બિડાણ :-(૧)પરિશિષ્ટ-અ (જી.સી.સી.પરીક્ષા-જુલાઇ-૨૦૧૭ની પરીક્ષા નો કાર્યક્રમ)
(૨)પરિશિષ્ટ-બ (રાજ્યમાં સરકારી વાણિજ્ય પ્રમાણપત્ર(જી.સી.સી) ટાઇપ લેખન-લઘુલેખન માટેની તાલીમ આપતી વર્ષ:-૨૦૧૭-૧૮ દરમિયાન સંલગ્નતા રીન્યુ કરાવનાર માન્ય સંસ્થાઓની યાદી)

➢ <u>નકલ સવિનય રવાનાજાણસારૂ ::</u>
- માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.-૯/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગર.

➢ <u>નકલ રવાના જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારૂ ::</u>
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સબંધિત.
- સબંધિત માન્ય ટાઇપ ઈન્સ્ટીટયુટ સંસ્થાઓ તમામ.
- આસિસ્ટન્ટ ડાયરેકટર ઓફ એજયુકેશન,દમણ(યુ.ટી.).
- ઇન્ડેક્ષ બી. ઉદ્યોગ ભવન,ગાંધીનગર
- પોસ્ટ માસ્ટર જનરલ,ખાનપુર,અમદાવાદ
- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કોમર્શિયલ ઇન્સ્ટીટયુટ, અમદાવાદ.
- મહામંત્રીશ્રી,ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કોમર્શિયલ ઇન્સ્ટીટયુટ, અમદાવાદ.
  C/o હેમા ઇન્સ્ટિટયુટ,વડોદરા .
- મહેકમ શાખા, સદર કચેરી.
- હિસાબી શાખા, સદર કચેરી.
- રેકર્ડ શાખા, સદર કચેરી.
- સ્ટોર શાખા, સદર કચેરી.

# રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર

પરિશિષ્ટ - અ

## જી.સી.સી.(ટાઇપ/સ્ટેનો)પરીક્ષા-જાન્યુઆરી-૨૦૧૮ નો કાર્યક્રમ

:: લઘુલેખન પરીક્ષા ::

| તારીખ | વાર | વિષય અને શબ્દ ઝડપ | સમય |
|---|---|---|---|
| ૨૨/૧/૨૦૧૮ | સોમવાર | ગુજરાતી લઘુલેખન ૬૦,૭૫,૯૦ શબ્દઝડપ | સવારે ૦૯થી આગળ |
| ૨૩/૧/૨૦૧૮ | મંગળવાર | અંગ્રેજી લઘુલેખન ૬૦,૮૦,૧૦૦,૧૨૦ શબ્દઝડપ<br>હિન્દી લઘુલેખન ૬૦,૭૫ શબ્દઝડપ | સવારે ૦૯થી આગળ |

:: ટાઈપ રાઈટીંગ પરીક્ષા :: (કમ્પ્યુટર કી બોર્ડ)

| તારીખ | વાર | વિષય અને શબ્દ ઝડપ | સમય |
|---|---|---|---|
| ૨૪/૧/૨૦૧૮ | બુધવાર | ગુજરાતી ટાઇપ ૨૫,૩૫,૪૦ શબ્દઝડપ | સવારે ૦૯થી આગળ |
| ૨૫/૧/૨૦૧૮ | ગુરૂવાર | અંગ્રેજી ટાઇપ ૪૦,૫૦,૬૦ શબ્દઝડપ<br>હિન્દી ટાઇપ ૨૫ શબ્દ ઝડપ | સવારે ૦૯થી આગળ |

**નોંધ**:- ટાઇપ અને સ્ટેનોની આ પરીક્ષાનું બેંચવાઇઝ નિયત સમય સાથેનું સમય પત્રક ઓનલાઇન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી કેન્દ્રો ખાતે ઉપલબ્ધ બેઠક વ્યવસ્થા તથા પરીક્ષાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ પ્રસિધ્ધ કરવામાં આવશે. જે અનુસાર સંબંધિત કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાની રહેશે.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

## રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પરિશિષ્ટ -"બ"

### સરકારી વાણિજ્ય પ્રમાણપત્ર(જી.સી.સી) ટાઇપ લેખન-લઘુલેખન માટેની તાલીમ આપતી વર્ષ-૨૦૧૭-૧૮ (તા:૨૫/૫/૨૦૧૭ સુધીમાં)દરમિયાન સંલગ્નતા રીન્યુ કરાવનાર માન્ય સંસ્થાઓની યાદી

| ક્રમ | જિલ્લો | જિલ્લાનો કોડ નંબર | સંસ્થાનો કોડ નંબર | ટાઈપ ઈન્સ્ટીટયુટ/સંસ્થાઓનું નામ અને સરનામું |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 1 | 1.01 | પાયોનિયર ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, ૭/બેથેલ સોસાયટી,પ્રકાશ પેટ્રોલપંપ પાસે, બાપુનગર, અમદાવાદ ૩૮૦૦૨૪. |
| 2 | | | 1.02 | રીલીફ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ "રત્નામ"નિશા પોળ નાકા, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| 3 | | | 1.03 | શ્રી વિરકુંજ કોમર્શિયલ ઈન્સ્ટીટયુટ, ઉસ્માનપુરા શાખા, ૫૫, વિરકુંજ સોસાયટી વિદ્યાનગર સ્કુલ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૪. |
| 4 | | | 1.05 | લેમિંગ્ટન ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, ૫૦, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| 5 | | | 1.13 | સેન્ટર ફોર મેનેજમેન્ટ એન્ડ કેરીઅર પ્લાનીંગ,"હીમાલય" મેહેદી નવાઝ જંગ હોલ, સેફાલી સેન્ટરની સામે, પાલડી ચાર રસ્તા, અમદાવાદ-૦૬. |
| 6 | | | 1.04 | ન્યુ મોર્ડન ટાઇપીંગ ઈન્સ્ટીટયુટ, અંબાજીમાતા મંદીર પાસે, દેસાઇપોળ સામે, વિરમગામ |
| 7 | અમરેલી | 3 | 3.01 | ગાયત્રી ટાઈપ ઈન્સ્ટીટયુટ, હવેલી ચોક, અમરેલી, જિ.અમરેલી. |
| 8 | | | 4.02 | અંબિકા ટાઈપ ક્લાસ, દેસાઈ બિલ્ડીંગ, મેફેર રોડ સેન્ટ્રલ બેંક પાસે, ખાચામા, આણંદ-૩૮૮૦૦૧. |
| 9 | બનાસકાંઠા | 5 | 5.01 | સવલ ટાઈપ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, હરીઓમ માર્કેટ, ગુરુનાનક રોડ, હોટલ બનાસની સામે, પાલનપુર. |
| 10 | | | 5.02 | નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, નવાબ બિલ્ડીંગ, દિલ્હી ગેટ પોસ્ટઓફિસની સામે, પાલનપુર. |
| 11 | ભાવનગર | 7 | 7.01 | અપના ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, હાઈ કોર્ટ રોડ, ભાવનગર. |
| 12 | દાહોદ | 9 | 9.01 | ઈકબાલ ટાઈપરાઈટીંગ ક્લાસ, ઠક્કર ફળિયા, દાહોદ ૩૮૯૧૫૧. |
| 13 | ગાંધીનગર | 11 | 11.01 | અંબિકા ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, પ્લોટ નં.-૧૪૪/૨, સેકટર-૬-બી, મુખ્ય શોપીંગ સેન્ટર, ગાંધીનગર-૩૮૨૦૦૬. |
| 14 | | | 11.03 | ગુજરાત ઈન્સ્ટીટયુટ ટેકનોલોજી, પ્લોટ નં.૮૯૧/૧, સેકટર-૨/સી, ગાંધીનગર ૩૮૨૦૦૨. |
| 15 | | | 11.04 | જ્યોતિ ટાઈપ ક્લાસ, પ્લોટ નં. ૪૪૦, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ભોયતળીયે, ગાંધીનગર ૩૮૨૦૧૬. |
| 16 | | | 11.06 | ફેમસ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, પ્લોટ નં.૪૩૮, સેકટર-૧૬, ગાંધીનગર -૩૮૨૦૧૬. |
| 17 | | | 11.07 | આરાધના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, બ્લોક ૨, ત્રીજો માળ, સુરભી કોમ્પ્લેક્ષ, પટેલ પાર્લર નજીક, ઘ-૫, સેકટર-૨૨, ગાંધીનગર |
| 18 | જામનગર | 12 | 12.03 | જય હરસિધ્ધ ટાઈપ ક્લાસ, સાધના કોલોની, બ્લોક એમ-૧, ૨૧૯૦, રણજીત સાગર રોડ, જામનગર-૩૬૧૦૦૫. |
| 19 | જુનાગઢ | 13 | 13.01 | નુતન ટાઈપ ટ્રેનિંગ ક્લાસીસ, નુતન બિલ્ડીંગ બીજે માળ, મહાત્મા ગાંધી રોડ, જુનાગઢ. |
| 20 | | | 13.02 | નુતન ટાઈપ રાઈટીંગ ઈન્સ્ટીટયુટ, મહાત્માગાંધી રોડ, જુનાગઢ |
| 21 | | | 13.03 | નુતન કોમર્શીયલ ઈન્સ્ટીટયુટ, પોસ્ટ ઓફિસ રોડ, જુનાગઢ |
| 22 | | | 13.04 | શિવમ ઈન્સ્ટીટયુટ, સુગર ફેકટરી સામે, કન્યા છાત્રાલયની નીચે , મારૂતી કિંમ કોર્નરના ખાચામા, મુ.કોડીનાર, જિ. ગીર-સોમનાથ |
| 23 | | | 13.05 | મારૂતિ ટાઈપ રાઈટીંગ ક્લાસીસ, સહજાનંદ સોસાયટી નં.-૨, શેરી નં.-૨, જોષીપુરા, જુનાગઢ-૩૬૨૦૦૨. |
| 24 | | | 13.06 | ધર્મરાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.વાદરવડ, પો.ટુંડાળા(ગીર), તા.માળીયા(હા), જિ. જુનાગઢ-૩૬૨૨૪૫. |
| 25 | | | 13.07 | શ્રી મારૂતિ ટાઈપરાઈટીંગ ઈન્સ્ટીટયુટ, કાળવા ચોક દાતાર રોડ કેપીટલ હાઉસની બાજુમાં, જુનાગઢ-૩૬૨૦૦૧. |

| ક્રમ | જિલ્લો | જિલ્લાનો કોડ નંબર | સંસ્થાનો કોડ નંબર | ટાઈપ ઈન્સ્ટીટયુટ/સંસ્થાઓનું નામ અને સરનામું |
|---|---|---|---|---|
| 26 | જુનાગઢ | 13 | 13.08 | દેવ કિશન કોમ્પ્યુટર,કોટેચા કોમ્પલેક્ષ,જુનાગઢ |
| 27 | ખેડા | 14 | 14.01 | ગ્રીન કોમર્શીયલ ઈન્સ્ટીટયુટ, સંતરામ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧, જિ.ખેડા. |
| 28 | | | 14.02 | પુષ્પાંજલિ ટેકનીકલ સેન્ટર, સિલિકસન, સીસ્ટર્સ કોન બોસ્કો, પોસ્ટ બોક્ષ નં-૬, કપડવંજ રોડ, ડાકોર-૩૮૮૨૨૫, જિ.ખેડા. |
| 29 | મહેસાણા | 15 | 15.02 | રૂવાલા ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, ૩૦, શિવ સોસાયટી, વિભાગ-૨, બી.કે. સિનેમા રોડ, મહેસાણા-૩૮૪૦૦૨. |
| 30 | | | 15.03 | યુ.બી. રૂવાલા ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, પિલાજી ગંજ, નટરાજ હોટલ પાસે, મહેસાણા-૩૮૪૦૦૧. |
| 31 | | | 15.05 | નોબલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્ટેનોગ્રાફી, ૨૬, દેવશી કોમ્પ્લેક્ષ વિસનગર રોડ, મહેસાણા-૧. |
| 32 | નવસારી | 17 | 17.01 | ધી કેનેરા ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, પહેલા માળે, નવી શાકભાજી માર્કેટ, મ્યુનિસિપલ બિલ્ડીંગ, નવસારી-૩૯૬૪૪૫. |
| 33 | પંચમહાલ | 18 | 18.03 | સ્વામીનારાયણ કોમ્પ્યુટર,શોર્ટહેન્ડ,ટાઈપ રાઈટીંગ કલાસીસ, દુ.નં.૨૦, સુધરાઈ શોપીંગ સેન્ટર, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા, જિ.પંચમહાલ |
| 34 | પાટણ | 19 | 19.03 | ખોજા કોમર્શિયલ ઈન્સ્ટીટયુટ, શ્રી સુરેશ્વર એસ્ટેટ, મિલન સિનેમા પાસે, પાટણ-૩૩૮૪૨૬૫. |
| 35 | પોરબંદર | 20 | 20.01 | રીલાયન્સ ટાઈપ એન્ડ કોમ્પ્યુટર ઈન્સ્ટીટયુટ, એસ.ટી. રોડ, પોરબંદર. |
| 36 | રાજકોટ | 21 | 21.01 | શાહ ટાઈપ રાઈટીંગ ઈન્સ્ટીટયુટ, કેબર રોડ, ગુજરાત ફર્નીચરની ઉપર મહેતા પેટ્રોલ પંપની સામે, રાજકોટ. |
| 37 | | | 21.02 | ગીતા કોમર્શીયલ ઈન્સ્ટીટયુટ, પંચનાથ પ્લોટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, રાજકોટ. |
| 38 | | | 21.03 | મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, સર લાખાજી રોડ, હરિશ્ચન્દ્ર સિનેમા પાસે, રાજકોટ. |
| 39 | | | 21.04 | આર્યા કોમર્શિયલ ઈન્સ્ટીટયુટ, ૧૦૩, પુજા કોમ્પલેક્ષ, હરીહર ચોક, રાજકોટ-૩૬૦૦૦૧. |
| 40 | સાબરકાંઠા | 22 | 22.01 | ચેરી ઈન્સ્ટીટયુટ ઓફ ટાઈપ રાઈટીંગ, જુના બજાર પાસે, હિંમતનગર, જિ.સાબરકાંઠા |
| 41 | | | 22.05 | હિન્દ સેવા ટ્રસ્ટ, ૨૧, રાજમહેલ પ્લાઝા, સહકારી જીન રોડ, મુ.પો.તા. હિંમતનગર, જિ.સાબરકાંઠા. |
| 42 | અરવલ્લી | 28 | 22.04 | અરિહંત ઈન્સ્ટીટયુટ ઓફ ટાઈપરાઈટીંગ, મુ.પો.તા. મોડાસા, જોષી હોલની સામે, જિ.સાબરકાંઠા. |
| 43 | સુરત | 23 | 23.02 | ધી કેપિટલ ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ, આઈ.પી.મીશન બોઈઝ સ્કુલ સામે, તુર્કીવાડ, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૩. |
| 44 | સુરેન્દ્રનગર | 24 | 24.02 | સ્ટુડન્ટ કોમર્શીયલ ઈન્સ્ટીટયુટ, રવિરાજ ચા વાળાની ગલીમાં, સત્તા હોલ, મેઈન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. |
| 45 | વડોદરા | 26 | 26.01 | હેમા ટાઈપરાઈટીંગ એન્ડ શોર્ટહેન્ડ કલાસ, આરાસુર બિલ્ડીંગ, સરદાર ભવનનો ખાંચો, પંપીંગ સ્ટેશન પાસે,ધૂળડી ઝાંપા, વડોદરા-૩૯૦૦૦૧. |
| 46 | વલસાડ | 27 | 27.01 | રોજેશ ઈન્સ્ટીટયુટ ઓફ શોર્ટહેન્ડ એન્ડ ટાઈપરાઈટીંગ, શાંતિ ભવન, મહાત્મા ગાંધી રોડ, વલસાડ-૩૯૬૦૦૧. |
| 47 | | | 27.02 | કીપસ્ટાર ઈન્સ્ટીટયુટ ઓફ શોર્ટહેન્ડ એન્ડ ટાઈપરાઈટીંગ કલાસ નાની ખત્રીવાડ, વલસાડ-૩૯૬૦૦૧. |
| 48 | ખેડા | 14 | 14.04 | લોયોલા ટ્રેનિંગ સેન્ટર,વૈશાલી રોડ,નડિયાદ |
| 49 | સુરત | 23 | 23.03 | ગાયત્રી ઈન્સ્ટિટયુટ,મહિધર પુરા ,સુરત |